**<u>ફો. પ. અ. નં. ૭૯/૨૦૧૭,</u>** **<u>ઉના પો. સ્ટે. ગુ.ર.નં. ૫૫ ૯૮/૧૭.</u>**

**<u>આંક–૧ મુદામાલ અરજી લગત હુકમ.</u>**

(૧) અરજી તથા સાથે રજુ થયેલ સાધનિક કાગળો વંચાણે લીધા.પક્ષકારના વિ.વ.શ્રીની રજુઆતો સાંભળી.

(૨) સદર કામમાં રજુ થયેલ ત.ક.અ.નો અભિપ્રાય તેમજ દસ્તાવેજી પુરાવા વંચાણે લીધા, સદર કામમાં રજુ થયેલ, માર્ક ૩/૧ થી ચૂંટણી કાર્ડની ઝેરોક્ષ નકલ,માર્ક ૩/૨ થી અરજદારના આર.સી.કાર્ડની ઝેરોક્ષ નકલ વિગેરે દસ્તાવેજી પુરાવો વંચાણે લેતાં મુદામાલ **'મોટર કાર 'મારૂતી સુઝુકી એસએક્ષ–૪** કે જેના આર. ટી.ઓ. **રજી. નં.જી.જે.–૧૧ એ.બી.–૩૦૪૦** વાળુ વાહન છે,' તે અરજદારના કબજા ભોગવટા માલીકીનો આવેલ હોવાનું જણાય આવતું હોય, સદર મુદામાલ મોટર કાર લાંબો સમય પોલીસ કસ્ટડીમાં પડયો રહે તો મુદામાલને નુકશાન થાય તેમ હોય. આ અરજી અનુસંધાને પોલીસ અભિપ્રાય વંચાણે લેતા આ ગુનાના કામે પોલીસે કબજે કરેલ વાહન આરોપી પાસેથી કબજે કરેલ છે. આ સંજોગોમાં તે વાહન આ ગુનાના કામે કબજે કરેલ હોવાનું રજુ થયેલ રેકર્ડ પરથી ફલિત થાય છે. ત્યારે આ ગુનાના કામે કબજે કરાયેલ વાહન અરજદારનું હોવાની હકકીતોને નકારી શકાય નહીં. આ સંજોગોમાં રેકર્ડ, હકકીતો વિગેરે ધ્યાને લઈને તેમજ નામદાર સર્વોચ્ચ અદાલતના સુંદરભાઈ દેસાઈ વિરુધ્ધ ગુજરાત રાજય ૨૦૦૩(૧), જી. એલ.એચ. ૩૦૭ના ચુકાદામાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતો મુજબ મુદામાલ અરજદારને વચગાળાની કસ્ટડીમાં સોંપવો ન્યાયોચિત જણાય આવતું હોય, અન્ય કોઈ માગણીદાર ન હોય, <u>એચ.ડી.એફ.સી. બેન્કનુ નો ઓબજેકશન સર્ટી રજુ છે,</u> આ સંજોગોમાં હાલની અરજી સંદર્ભે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–: <u>હુ ક મ</u> :–**

સદર કામનો મુદામાલ **''મોટર કાર 'મારૂતી સુઝુકી એસએક્ષ–૪** કે જેના આર. ટી.ઓ. **રજી. નં.જી.જે.–૧૧ એ.બી.–૩૦૪૦** વાળુ વાહન છે,'' તે અરજદાર **<u>રીબડીયા રાજેશભાઈ ધીરૂભાઈ, રહે.–વીસાવદર, જિ.જૂનાગઢ</u>** વાળાને જો તેઓ **રૂા.૩,૭૫,૦૦૦**/– (અંકે રૂપિયા ત્રણલાખ પંચોતેરહજાર) પુરા ના સધ્ધર જામીન સાથેનું બોન્ડ રજુ કર્યેથી નીચેની શરતોને આધીન વચગાળાની કસ્ટડીમાં સોંપવા હુકમ કરવામાં આવે છે.

**<u>શ ર તો :</u>**–

૧ : અરજદારે કેસના આખરી નિકાલ પહેલા મુદ્દામાલ–કોઈને કોઈ રીતે હસ્તાંતર કરવું નહી અને તેના સ્વરુપમાં કોઈ કાયમી ફેરફાર કરવા નહી.

૨ : અરજદારે પોતાના ખર્ચે મુદ્દામાલના આગળ–પાછળના એક–એક ફોટોગ્રાફ કરાવી તપાસ કરનાર સમક્ષ રજુ કરવા.

૩ : અરજદારે મુદ્દામાલ અન્ય કોઈ ગુનામાં સંડોવાય નહી તેની તકેદારી રાખવી.

૪ : અરજદારે તેને કોર્ટ અથવા તપાસ કરનાર જયારે અને જયાં જણાવે ત્યારે અને ત્યાં પોતાના ખર્ચે રજુ કરવાનો રહેશે.

તપાસ કરનારે **મુદ્દામાલની જરૂરી ખરાઈ કરી** પંચનામુ કરી મુદ્દામાલ અરજદારને પરત સોંપવો. અને ચાર્જશીટ સાથે આ ફોટોગ્રાફ તથા પંચનામુ કોર્ટમાં રજુ કરવું.

આ હુકમ મુદ્દામાલની વચગાળાની કસ્ટડી અંગે છે તેનાથી હ્રાહીતના મુદ્દામાલ પરત્વેના કોઈ હકકો મર્યાદિત થતા હોવાનું ગણાશે નહી.

આ હુકમની અમલવારી માટે સબંધિત પોલીસ સ્ટેશનને જરૂરી યાદી કરવી.

આ હુકમ આજ તારીખઃ–**૧૭મી**,માહે–**ફેબ્રુઆરી,**સને–**૨૦૧૭** ના રોજ ખુલ્લી અદાલતમાં મારી સહી કરી જાહેર કર્યો.

સ્થળ : ઉના.
તારીખ :૧૭/૦૨/૨૦૧૭

(**આર. આઈ. ચોપરા**)
જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફ. ક.ઉના.
કોડ નં. જી. જે. ૦૦૭૬૫